# " આત્મનના તેડા "

આત્મનના આતમ પ્યારા
ગગન વિહારી થઈ ગયા
ભૂલ્યાને યાદ કરીએ પણ
યાદમાં જ જે કાયમ હોવાના
કેમ કરશું યાદ તમને
સીધા વૃક્ષ કપાય વહેલા
સારા આતમને ય તેડા વહેલા
પ્રભુ સમીપે પ્રભુમય થયા તમ
અમો રડનારાય આવશું ક્યારેક.
આતમની આકાશગંગામાં
આપણ સહુ વહેતા રહેવાના
જન્મે જે કદીક
તે તરંગરૂપ દેખાઈ જવાના
કોઈ આગળ તો કોઈ પાછળ
અનાદિ થી અનંત
સૌ એકસાથ વહેવાના.
દરિયામાં અજ્ઞાની મોજા
જન્મી જન્મીને મરવાના
થયું જ્ઞાન દીપાને, "અમર" નું
હું જ સાગર, ને સાગર જ રહેવાનું
હવે નથી કોઈ જનમ, નથી કોઈ મૃત્યુ
આત્મનના આતમ પ્યારા
કુંજવિહારી થઈ ગયા.

*લી. વિશ્વાત્મા*
*ગ્લોબેલિઅન*
*ડો. ચૈતન્ય પટેલ*

*(મારા એક મિત્ર ડો. આત્મન દફતરી(૭૦ વર્ષ) તથા મારા પુત્રના એક મિત્ર આત્મન, જે ઘણો આધ્યાત્મિક હતો તે માત્ર ૩૨ વર્ષની ઉમ્મરે જર્મનીમાં એક કોન્સર્ટમાં હાર્ટ એટેક થી અનંત યાત્રા એ પ્રયાણ કરી ગયેલ, તેમના માટેની સંવેદનાઓ નું અહીં શબ્દોમાં નિરૂપણ છે.)*